# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે NDA સરકાર બિહાર, પશ્ચિમ બંગાળ અને આસામને ઘુસણખોરોથી મુક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ.

2) ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નશીલા પદાર્થ વિરોધી દળના વડાઓની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે.

3) CBDT એ આકારણી વર્ષ 2025-26 માટે આવકવેરા રિટર્ન ફાઇલ કરવા આજે એક દિવસ વધુ લંબાવવાનો નિર્ણય લીધો.

4) ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ઈરાન અને દોહામાં થયેલા હુમલા અને બંધકોને મુક્ત કરવાના પ્રયાસોની ચર્ચા માટે અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયો સાથે બેઠક કરી.

5) આજે પૂર્વોત્તર રાજ્યો, બિહાર, ઝારખંડ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને પશ્ચિમ બંગાળમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN. BIHAR PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે NDA સરકાર બિહાર, પશ્ચિમ બંગાળ અને આસામને ઘુસણખોરોથી મુક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ગઈકાલે બિહારના પૂર્ણિયા જિલ્લામાં એક રેલીને સંબોધતા પ્રધાનમંત્રીએ ગેરકાયદેસર ઘૂસણખોરીને કારણે સરહદી અને પૂર્વીય ક્ષેત્રમાં ભારે વસ્તી વિષયક પરિવર્તન સંકટ વિશે વાત કરી. તેમણે આ સમસ્યાના ઉકેલ માટે લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસના ભાષણમાં જાહેર કરાયેલ ડેમોગ્રાફિક મિશનનો ઉલ્લેખ કર્યો.

શ્રી મોદીએ મત બેંકની રાજનીતિ માટે ઘુસણખોરોને બચાવવાનો પ્રયાસ કરવા બદલ વિપક્ષી ગઠબંધનની ટીકા કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ ખાતરી આપે છે કે ઘુસણખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને સમગ્ર દેશ તેના પરિણામો જોશે.

(બાઇટ – પ્રધાનમંત્રી GST)

પ્રધાનમંત્રીએ ગઈકાલે બિહારમાં 40 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. જેમાં નવનિર્મિત પૂર્ણિયા હવાઈમથક, રાષ્ટ્રીય મખાના બોર્ડ, ભાગલપુરમાં બે હજાર 400 મેગાવોટ થર્મલ પાવર પ્રોજેક્ટ, કોસી-મેચી આંતર-રાજ્ય નદી જોડાણ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો, વિવિધ રેલ પ્રોજેક્ટ્સ અને નવી વંદે ભારત અને અમૃત ભારત ટ્રેનોના પ્રસ્થાન કરાવવાનો સમાવેશ થાય છે.

## SHAH - ANTI NARCOTICS

ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નશીલા પદાર્થ વિરોધી દળના વડાઓની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. આ પરિષદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ડ્રગ-મુક્ત ભારત પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત કરવા અને આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કાર્ય યોજના નક્કી કરવા માટે એક વ્યૂહાત્મક પ્લેટફોર્મ હશે.

અમારા સંવાદદાતાએ જણાવ્યું હતું કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા આયોજિત પરિષદનો વિષય છે - સામૂહિક સંકલ્પ-વહેંચાયેલ જવાબદારી. એક અહેવાલ સાંભળીએ ..

(બાઇટ – રાશઇઉદ્દીન)

## CBDT ITR EXTENSION

કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ CBDT એ આકારણી વર્ષ 2025-26 માટે આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ એક દિવસ લંબાવવાનો નિર્ણય લીધો છે. હવે રિટર્ન આજે રાત્રે 12 વાગ્યા સુધી ફાઇલ કરી શકાશે. આવકવેરા વિભાગે મોડી રાત્રે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ માહિતી આપી હતી. આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ હતી, જે લંબાવીને 15 સપ્ટેમ્બર કરવામાં આવી હતી. આવકવેરા વિભાગે કહ્યું હતું કે આકારણી વર્ષ 2025-26 માટે સાત કરોડથી વધુ રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા છે.

# GST REFORMS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાની પ્રાચીર પરથી GSTમાં વધુ સુધારાઓની જાહેરાત કરી હતી. આ મહિનાની 3 તારીખે, GST કાઉન્સિલે સામાન્ય લોકોના જીવનને સરળ બનાવવા માટે ઘણા ક્ષેત્રોમાં કર ઘટાડ્યા હતા. આજે, કૃષિ ક્ષેત્રમાં GST સુધારાઓ પર એક નજર**

**પ્રસ્તુત છે એક અહેવાલ.....**

## (વોઈસ કાસ્ટ – હર્ષલ પંડ્યા)

*આગામી પેઢીના GST સુધારા હેઠળ, સરકારે કૃષિ ક્ષેત્રમાં GSTમાં નોંધપાત્ર ઘટાડો કરીને ખેડૂતોને રાહત આપી છે. એક હજાર 800 સીસીથી ઓછી ક્ષમતા ધરાવતા ટ્રેક્ટર પરનો કર દર 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે.*

*ટાયર અને ટ્યુબ, હાઇડ્રોલિક પંપ વગેરે જેવા ટ્રેક્ટરના ભાગો પરનો કર દર 5 ટકા કરાયો છે, જેના પર અગાઉ 18 ટકાના કર હતો. ખેતી, લણણી અને થ્રેશિંગ માટેના વિવિધ કૃષિ મશીનો પર કર દર તેમજ ચોક્કસ બાયો-પેસ્ટિસાઇડ્સ, સૂક્ષ્મ પોષકતત્વો, ટપક સિંચાઈ પ્રણાલીઓ અને સ્પ્રિંકલર્સ સહિતની અન્ય ઘણી ઉપયોગીતાઓ પરનો કર દર 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરાયો છે.*

*આ ફેરફારો ખાસ કરીને નાના અને મધ્યમ ખેડૂતોને લાભ કરશે. કૃષિ ઉપકરણો પરના GST દરમાં ઘટાડો થવાથી ખેતીનો ખર્ચ ઘટશે. નવા કર દરો આ મહિનાની 22મી તારીખથી અમલમાં આવશે*

*હર્ષલ પંડ્યા, આકાશવાણી સમાચાર, અમદાવાદ*

# MORN. SABARI MALA

કેરળના પથનમથિટ્ટા જિલ્લામાં સબરીમાલા પહાડ પર સ્થિત ભગવાન અયપ્પા મંદિર આજ સાંજથી માસિક પૂજા અર્ચના માટે ખુલશે. પાંચ દિવસની માસિક પૂજા આવતીકાલે સવારે શરૂ થશે અને મંદિરના દરવાજા 21 સપ્ટેમ્બરે બંધ રહેશે.

દરમિયાન ત્રાવણકોર દેવાસ્વમ બોર્ડ તેના પ્લેટિનમ જ્યુબિલી ઉજવણીના ભાગ રૂપે 20 સપ્ટેમ્બરે વિશ્વ અયપ્પા સંગમનું આયોજન કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# RUBIO - NETANYAHU MEETING

ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ઈરાન અને દોહામાં થયેલા હુમલા અને બંધકોને મુક્ત કરવાના પ્રયાસોની ચર્ચા માટે અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો સાથે લંબાણપૂર્વકની બેઠક યોજી હતી.

નેતન્યાહૂના જેરુસલેમ કાર્યાલયમાં યોજાયેલી આ બેઠક દરમિયાન, રુબિયોએ ટ્રમ્પ વહીવટીતંત્રના સંપૂર્ણ સમર્થનને બેન્જામિન નેતન્યાહૂને ટેકો જાહેર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, વોશિંગ્ટનની પ્રાથમિકતાઓ ઇઝરાયલી બંધકોની મુક્તિ અને હમાસનો નાશ છે.

રુબિયોએ યુદ્ધવિરામની શક્યતાનો ઉલ્લેખ કર્યો ન હતો અને ગયા અઠવાડિયે દોહામાં હમાસ નેતાઓ પર હુમલો કરવા બદલ ઇઝરાયલની તેમની અગાઉની ટીકાનો પુનરોચ્ચાર કર્યો ન હતો.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે પૂર્વોત્તર રાજ્યો, બિહાર, ઝારખંડ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને પશ્ચિમ બંગાળમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

છત્તીસગઢ, પૂર્વ ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તર આંતરિક કર્ણાટક, રાયલસીમા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, તેલંગાણા, ઉત્તરાખંડ અને વિદર્ભમાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગે આજે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, ઝારખંડ અને ઓડિશામાં વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે..

# MORN. ASIA CUP CRICKET

એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે, બાંગ્લાદેશ અબુ ધાબી ખાતે અફઘાનિસ્તાનનો સામનો કરશે. મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે. જ્યારે શ્રીલંકાએ ગઈકાલે રાત્રે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ગ્રુપ Bના મુકાબલામાં હોંગકોંગને ચાર વિકેટથી હરાવ્યું.

હોંગકોંગ દ્વારા આપવામાં આવેલા 150 રનના લક્ષ્યનો પીછો કરતા, શ્રીલંકાએ સાત બોલ બાકી રહેતા છ વિકેટે 153 રન બનાવ્યા. શ્રીલંકા માટે, પથુમ નિસાન્કાએ 48 બોલમાં 68 રન બનાવ્યા અને તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. અગાઉ, શ્રીલંકાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. હોંગકોંગે નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટે 149 રન બનાવ્યા.

અબુ ધાબીના ઝાયેદ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ગઈકાલે રાત્રે રમાયેલી બીજી મેચમાં, યુએઈએ ગ્રુપ Aમાં ઓમાનને 42 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, યુએઈએ નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 172 રન બનાવ્યા. જવાબમાં, ઓમાન ટીમ 18.4 ઓવરમાં 130 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- વકફ અને વનતારા અંગે સુપ્રીમ કોર્ટના આદેશને તમામ અખબારોએ મુખ્ય પાના પર સ્થાન આપ્યું છે
- ગુજરાત સમાચારની હેડલાઈન છે... કાયદાની મહત્વની જોગવાઈ પર સુપ્રીમની બ્રેક
- સંદેશ અને નવગુજરાત સમય લખે છે.. સુપ્રીમનો પૂરેપૂરા વકફ સુધારા કાયદા પર સ્ટેનો ઇનકાર
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે વકફ : સુપ્રીમ કોર્ટે કલેકટરની સત્તા જેવી કેટલીક જોગવાઈઓ પર પ્રતિબંધ મૂક્યો
- વનતારાના સમાચારોમાં.. સંદેશ લખે છે.. સુપ્રીમ કોર્ટે **SIT**ના રિપોર્ટને સંપૂર્ણ માન્ય રાખી વનતારા સામેની બંને અરજી ફગાવી દીધી
- નવ ગુજરાત સમયની હેડલાઈન છે... **SIT**ના રિપોર્ટમાં વનતરાને ક્લીન ચીટ સુપ્રીમે કહ્યું વનતારમાં કાયદાનો સંપૂર્ણ અમલ
- ગુજરાત સમાચારની હેડલાઈન છે સુપ્રીમ કોર્ટે વનતારાના સંરક્ષણ ઉદ્દેશ્ય અને અભિયાનને શ્રેષ્ઠ ગણીને માન્યતા આપી
- અન્ય સમાચારોમાં... ગેરરીતી જણાશે તો બિહાર **SIR** પ્રક્રિયાને રદ કરીશું સુપ્રીમની ચીમકી... ચીન સાથે વાટાઘાટો થી ટ્રમ્પ ખુશ **US**માં ફરી **tiktok** શરૂ થવાના સંકેત આપ્યા તથા દિલ્હીમાં ભારત અમેરિકા વચ્ચે આજે છઠ્ઠા રાઉન્ડની વેપાર મંત્રણા જેવા સમાચારો પ્રથમ પાને પ્રકાશિત થયા છે